# ચારધામની યાત્રામાં ચાર હજાર યાત્રાળુઓ અટવાયા



## રાજ્યની તમામ મોટી નદીઓ ભયજનક સ્તરની નજીક

દેહરાદુન, તા.૧૭

ઉતરાખંડમાં ભારેથી અતિભારે વરસાદના સંદર્ભે ચાર હજારથી પણ વધુ શ્રદ્ધાળુઓ અટવાઈ પડ્યા છે. તમામ નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તર સુધી પહોંચી રહી છે. વરસાદના કારણે ગંગા, યમુના, શારદા, કાલી સહિતની નદીઓમાં પાણીની સપાટી વધી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી બે દિવસ દરમિયાન રાજ્યમાં અતિભારે વરસાદ થઈ શકે છે. જેને લઈને વહીવટીતંત્રએ સાવચેતીના તમામ પગલાઓ લીધા છે. બાંસવાડા, ફાટા અને ગુપ્તકાશીમાં ભેખડો ધસી પડવાના પરિણામ સ્વરૂપે ઋષીકેશ, કેદારનાથને જોડતા રાષ્ટ્રીય રાજમાર્ગને બંધ કરવાની ફરજ પડી છે. ઋષીકેશ, બદરીનાથ માર્ગો પર પણ તકલીફ થઈ રહી છે. આવી જ રીતે ગંગોત્રી રાજમાર્ગ ઉપર પણ અડચણો ઉભી થઈ છે. હવામાન વિભાગે કહ્યું છે કે, હજુ પણ અતિભારે વરસાદની સંભાવના રહેલી છે. બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમનોત્રી જનાર માર્ગો બંધ થઈ ગયા છે. રાજ્યમાં જુદી-જુદી જગ્યાઓએ ચાર હજાર લોકો અટવાઈ પડ્યા છે. એકનું મોત પણ થયું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ઉત્તરાખંડમાં કુમાઉ, ગઢવાલ બન્ને ક્ષેત્રોમાં ભારે વરસાદ થયો છે. રુદ્રપ્રયાગ, ઉત્તરકાશી,ઉખીમઠ, ધારચુલામાં સતત વરસાદ થઈ રહ્યો છે.




બિઝનેસ વ્યૂહરચનાને નવું પરિણામ આપવા અને નાણાંકીય પુનઃ રચના કરવા હેઠળ ટેકનોલોજી ક્ષેત્રની દિગ્ગજ કંપની માઈક્રોસોફ્ટ વૈશ્વિક સ્તરે પોતાના ૬ હજારથી વધુ કર્મચારીઓને ટાળવા જઈ રહી છે. આ છટણી ૨૦૦૯માં કરાયેલી નોકરીઓના કાપને પાછળ છોડી દેશે. પોતાના ૩૯ વર્ષોના ઈતિહાસમાં આ અત્યાર સુધીની સૌથી મોટી છટણી હશે.

## ગાઝામાં હિંસા મુદ્દે ચર્ચા કરવા સરકાર સહમત છે

નવી દિલ્હી, તા.૧૭

ઈઝરાયેલ-પેલેસ્ટાઈન સંઘર્ષ ઉપર ચર્ચા કરવા રાજ્યસભાના અધ્યક્ષ હમિદ અંસારી પાસેથી મંજુરી મેળવી લીધા બાદ સરકારે આજે કહ્યું છે કે, તે ચર્ચા માટે તૈયાર છે પરંતુ ગુરુવારના દિવસે ચર્ચા હાથ ધરી શકાઈ નહતી. આને લઈને ભારે ધાંધલધમાલ થઈ હતી. ચર્ચા પહેલા કોઈપણ કામગીરીને હાથ ધરવા માટે વિરોધપક્ષના સભ્યો તૈયાર દેખાઈ રહ્યા નહતા. બુધવારના દિવસે પણ આ મુદ્દે મામલો ઉઠાવવામાં આવ્યો હતો. પેલેસ્ટાઈનના વેસ્ટબેંકના વિસ્તારો અને ગાઝા પટ્ટીમાં હિંસાના મુદ્દા ઉપર ચર્ચા કરવા સભ્યો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. સંસદીય બાબતોના કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, સરકાર ચર્ચા માટે તૈયાર છે. બીજી બાજુ સમાજવાદી પાર્ટીના નેતા નરેશ અગ્રવાલે સુચન કર્યું હતું કે, એવા નિયમ હેઠળ ચર્ચા થવી જોઈએ જેમાં અન્ય નિયમોની જરૂર ન પડે. બીજી બાજુ વિપક્ષના નેતા ગુલામનબી આઝાદે કહ્યું હતું કે, ભારત પણ પશ્ચિમ એશિયામાં આર્થિક હિતો ધરાવે છે જેથી આ મુદ્દે ચર્ચા થાય તે ખૂબ જ જરૂરી છે. ચર્ચાના મુદ્દે વિપક્ષ દ્વારા ભારે હોબાળો મચાવવામાં આવ્યો હતો. ઉપલા ગૃહને વારંવાર મોકુફ રાખવાની ફરજ પડી હતી. જોકે, આ મુદ્દે ચર્ચા ચોક્કસપણે થાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

### સંબંધિત રાજ્યો સહમત થાય તે ખૂબ જ જરૂરી

## ૧૦ વર્ષમાં નદીઓને જોડી શકાય : ઉમાનો અભિપ્રાય

નવી દિલ્હી, તા.૧૭

બજેટ ભાષણ દરમિયાન નાણાં મંત્રી અરૂણ જેટલી દ્વારા નદીઓના આંતર જોડાણની વાત કર્યાના એક સપ્તાહ બાદ કેન્દ્રીય પ્રધાન ઉમા ભારતીએ આજે કહ્યું હતું કે, જો રાજ્યો સહમત થાય તો ૧૦ વર્ષના સમયગાળાની અંદર નદીઓને જોડી શકાય છે. જળસંશાધન પ્રધાન ઉમા ભારતીએ કહ્યું હતું કે, સંબંધિત રાજ્યો મંજુરી આપે તે જરૂરી છે. આના કારણે લોકોને ખૂબ ફાયદો થઈ શકે છે. લોકસભામાં પુરક પ્રશ્નના જવાબમાં માહિતી આપતા ઉમા ભારતીએ કહ્યું



હતું કે, નદીઓના આંતર જોડાણથી વડાપ્રધાન ગ્રામીણ સિંચાઈ યોજનાને સીધો ફાયદો થશે. સભ્યોની ચિંતાને દૂર કરતાં તેમણે કહ્યું હતું કે, નદીઓના આંતર જોડાણને મોટાપાયે અમલી બનાવવામાં આવશે. પાણીના પ્રવાહને કોઈ અસર ન થાય તેની ખાતરી કરવામાં આવશે. તેમના સુચનો ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર આ દિશામાં ઝડપથી આગળ વધવા માંગે છે. નદીઓના આંતર જોડાણની દિશામાં ગંભીર પ્રયાસોની હાકલ કરતા અરૂણ જેટલીએ કહ્યું હતું કે, ૨૦૧૪-૧૫ માટેના બજેટમાં વિસ્તૃત પ્રોજેક્ટની તૈયારી માટે ૧૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. ૧૦મી જુલાઈના દિવસે લોકસભામાં તેમના પ્રથમ બજેટ ભાષણમાં જેટલીએ કહ્યું હતું કે, નદીઓ દેશની લાઈફલાઈન સમાન છે. તેઓ પાણી ઉપલબ્ધ કરાવે છે. તેમણે એમપણ કહ્યું હતું કે, આ દિશામાં ગંભીર પ્રયાસો થાય તે જરૂરી છે. કેન્દ્ર સરકાર નદીઓને જોડવાના પ્રયાસમાં ગંભીર છે. યુપીએ હેઠળ વિસ્તૃત પ્રોજેક્ટ રિપોર્ટોની હિલચાલ હાથ ધરાઈ હતી. નદીઓના જોડાણના લીધે સિંચાઈને ફાયદો થશે.

## વૈદિક મુશ્કેલીમાં : એનઆઈએ દ્વારા ટુંકમાં જ પુછપરછ કરાશે

નવી દિલ્હી,તા. ૧૭

ભારતના મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદીઓ હાફિઝ સઈદ સાથે મુલાકાતને લઈને પત્રકાર વેદ પ્રતાપ વૈદિક પર સંકજો મજબુત બનાવવામાં આવી રહ્યો છે. વારાણસી અને ઈન્દોરની કોર્ટમાં તેની સામે ફરિયાદ દાખલ કરવામાં આવ્યા બાદ હવે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા તેમની પુછપરછ કરવાની તૈયારી કરી ચુકી છે. ગૃહ મંત્રાલયના સુત્રોએ કહ્યું છે કે તેમની પુછપરછ કરવામાં આવનાર છે. હાફિઝ સુધી તેઓ પહોંચ્યા કઈ રીતે અને બન્ને વચ્ચે કઈ વાતચીત થઈ તે અંગે માહિતી મેળવવાના પ્રયાસ થઈ શકે છે. તેમને વહેલી તકે નોટીસ મોકલવામાં આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત તપાસ સંસ્થા વેદિક પાસેથી કેટલીક નક્કર માહિતી મેળવવાના પ્રયાસ કરશે. હાફિજ સાથે વાતચીત કર્યા બાદ તેમનુ તેના અંગે મુલ્યાકંન શુ છે. સુત્રોએ કહ્યું હતું કે વેદિકની હાલ મુંબઈ હુમલાના સાક્ષી તરીકે પુછપરછ કરાશે. પરંતુ જો કોઈ સઈદ સાથે મુલાકાતને લઈને નક્કર નકારાત્મક બાબત સપાટી પર આવશો તો તેને આરોપી બનાવી શકાય છે. કાયદા મુજબ તપાસ સંસ્થા ફરાર થયેલા અપરાધી સાથે મળનાર કોઈની પણ પુછપરછ કરી શકે છે.



એનઆઈએ મુંબઈમાં સાડા ચાર વર્ષ પહેલા થયેલા ભીષણ હુમલાના સંબંધમાં પુછપરછ કરી શકે છે.સમગ્ર કેસમાં અમેરિકી નાગરિક ડેવિડ હેડલીની પુછપરછ કરવામાં આવી ચુકી છે. તેની પાસે વેદિકને બોલાવવાનો અધિકાર છે. ગૃહ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે વેદિકની પુછપરછ થવી જોઈએ. પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈની સુરક્ષામાં હોવા છતા તેઓ સઈદ સુધી કઈ રીતે પહોંચ્યા તેની તપાસ થવી જોઈએ. સઈદે જુદા જુદા મુદા પર તેમને કેવા જવાબ આપ્યા હતા. જો કોઈ ભાવિ યોજના બનાવી છે તો તે શુ છે. બુધવારે વેદિકની સામે વારાણસીમાં દેશદ્રોહનો કેસ દાખલ કરાયો હતો. તેમની સામે મુશ્કેલી વધી રહી છે.

## ડુંગળીની નિકાસ ઉપર સંપૂર્ણ પ્રતિબંધની પાસવાનની માંગ

નવી દિલ્હી, તા.૧૭

ખાદ્યાન પ્રધાન રામવિલાસ પાસવાને ડુંગળીની નિકાસ ઉપર પ્રતિબંધ મુકવાની દિશામાં આગળ વધવા વાણિજ્ય મંત્રાલયને અપીલ કરી છે. અન્ય દેશોમાંથી આયાતને મંજુરી આપતા પહેલા ડુંગળીની નિકાસ ઉપર પ્રતિબંધ મુકવાની પાસવાને માંગ કરી છે. સ્થાનિક પુરવઠાને પ્રોત્સાહન આપવા અને ભાવવધારાને અંકુશમાં લેવાની જરૂરીયાત ઉપર ભાર મુકવામાં આવ્યો છે.

એક લાખ ટન ડુંગળીની આયાત કરવાના મુદ્દે ખાદ્યાન મંત્રાલયના અભિપ્રાય લેવામાં આવ્યા ત્યારે વાણિજ્ય પ્રધાન નિર્મલા સીતારામનને લખવામાં આવેલા પત્રમાં રામવિલાસ



પાસવાને આ મુજબની વાત કરી છે. પત્રમાં પાસવાને એમપણ કહ્યું છે કે, ગયા મહિને સરકાર દ્વારા એમઈપી લાગુ કરવાના પરિણામ સ્વરૂપે ડુંગળીની નિકાસમાં ઘટાડો થયો છે. પરંતુ નાના જથ્થામાં ડુંગળી હજુ પણ નિકાસ કરવામાં આવી રહી છે. સૌથી પહેલા ડુંગળીની નિકાસ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે તે જરૂરી છે. અન્ય દેશોમાંથી આયાત કરતા પહેલા નિકાસ પર પ્રતિબંધ ખૂબ જ જરૂરી છે. ગયા મહિનામાં ડુંગળી ઉપર લઘુત્તમ નિકાસ કિંમત ફરી લાગુ કરવામાં આવી હતી. અગાઉની સરકારે માર્ચ મહિનામાં આને નાબુદ કરી દીધી હતી. પ્રતિ ટન ૩૦૦ ડોલરની કિંમત નક્કી કરાઈ હતી. નિકાસને અંકુશમાં લેવા માટે આ મહિનામાં જ એમઈપીને વધારીને પ્રતિ ટન ૫૦૦ ડોલર કરવામાં આવી હતી. એમઈપી એ રેટ છે જેના આધાર ઉપર કોઈપણ નિકાસની મંજુરી આપવામાં આવતી નથી. ઓછા વરસાદના પરિણામ સ્વરૂપે ડુંગળીની કિંમતો વધી રહી છે. એશિયાના સૌથી મોટા ડુંગળી બજાર મહારાષ્ટ્રમાં લાસલગાંવ ખાતે ડુંગળીની હોલસેલ કિંમતોમાં ૫૦ટકા સુધીનો વધારો થઈ ચુક્યો છે.

જ્યારે છૂટક બજારમાં તેની કિંમત બેગણી થઈ ગઈ છે. જુનથી નવેમબર વચ્ચેના ગાળામાં ડુંગળીની સ્થાનિક માંગને ધ્યાનમાં લઈને આનો જથ્થો રાખવામાં આવે છે.

### માત્ર બે જ ફૂડ ઈન્સપેક્ટરો છે

## હૈદરાબાદમાં ૧૫ હજાર હોટલો : હેવાલમાં દાવો

નવી દિલ્હી,તા. ૧૭

હૈદરાબાદમાં ૧૫ હજારથી વધુ હોટલો આવેલી છે પરંતુ માત્ર બે ફૂડ ઈન્સપેક્ટરો જ છે. જેના પરિણામ સ્વરૂપે ખાદ્યાન ચીજવસ્તુઓને લઈને નવી સમસ્યા ઉભી થઈ ગઈ છે. હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

માત્ર બે જ ફૂડ ઈન્સપેક્ટરોની સાથે નિઃસહાય ગ્રેટર હૈદરાબાદ મ્યુનિપલ કોર્પોરેશનના અધિકારીઓનું કહેવું છે કે, શહેરભરમાં ૧૫ હજારથી વધુ મોટી, મધ્યમ અને નાની હોટલોમાં પીરસવામાં આવતી ચીજવસ્તુઓની ગુણવત્તાની ચકાસણી કરવી ખૂબ જ મુશ્કેલ છે. આરોગ્ય અને સેનીટેશનના વિભાગના અધિકારીઓનું કહેવું છે કે, ફૂડ ઈન્સપેક્ટરોએ પણ હવે યોગ્ય ધારાધોરણો હાઈજીન અને ફૂડ ક્વોલિટી જાળવી રાખવા તમામને કહ્યું છે. હૈદરાબાદ શહેરમાં નોંધાયેલી હોટલોની સંખ્યા ૫૮૦૦ જેટલી છે જ્યારે નહી નોંધાયેલી હોટલોની સંખ્યા ૧૦ હજારની આસપાસની છે. હૈદરાબાદ જેવા શહેરમાં ૧૦થી ૧૫ ફૂડ ઈન્સપેક્ટરો હોવા જોઈએ હાલમાં વરસાદ પડી રહ્યો છે ત્યારે પાણીજન્ય રોગચાળો ફાટી નિકળવાની દહેશત દેખાઈ રહી છે. ફૂડ પોઈઝનીંગના કેસોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. કેટલાક સિનીયર કોર્પોરેટરોનો આક્ષેપ છે કે, નિરીક્ષણની કામગીરી હાથ ધરવામાં આવી રહી નથી. માત્ર દરોડા દેખાવા પુરતા પાડવામાં આવી રહ્યા છે.

## સમાચાર ઝલક

- રાજકોટમાં લુંટારાઓનો આતંક યથાવત-૨૦ કીલો ચાંદી લુંટાઈ.
- કચ્છમાં મોડી રાત્રે વરસાદ સાથે ભુકંપના આચંકા અનુભવાયા.
- હવે 'સ્માર્ટ' કોન્ટેક્ટ લેન્સ તમારા આરોગ્યની માહિતી આપશે.
- ચોમાસુ સક્રિય બનતાં દુષ્કાળનો ભય ટળ્યો.
- ૨૮ કરોડ રૂપિયાની વિશ્વની સૌથી મોંઘી કાર લમ્બોર્ગિની વેનનો.
- પ્રોપર્ટી ટેક્ષ અમદાવાદ મનપા માટે શિરો વેદના બની ગયો છે. આંદોલન દરરોજ વેગ પકડતું જાય છે.
- ફિલિપાઈન્સમાં વાવાઝોડું ફુંકાતાં મનીલાનું જનજીવન ઠપ્પ-૧૩નાં મોત.
- ચંદીગઢ-નાગપુર-દિલ્હીમાં ટામેટાના ભાવમાં બે ગણો વધારો.
- ગણદેવીમાં સામાન્ય પ્રથમ વરસાદમાં જ પુલ બેસી ગયો. અધિકારી-કોન્ટ્રાકટરની સાંઠ ગાંઠ ખુલી ગઈ.
- અલનીનોનો ખતરો ટળ્યો. હવે ચોમાસુ બરોબર જામશે.
- ગુજરાતમાં સોના સામે ધિરાણમાં મોટો વધારો થયો છે. કંપનીઓને ગુજરાતમાં મોટો ધંધો મળ્યો.
- રાજકોટ મનપામાં ગાયત્રીબા વાઘેલા-ગુજરાતમાં સૌ પ્રથમ મહિલા વિપક્ષી નેતા બન્યા.
- હવે સ્કોટલેન્ડના ગ્લાસ્ગો શહેરમાં તા. ૨૩મી જુલાઈથી ખેલ મહાકુંભ યોજાશે. ૨૬૧ રમતો રમાશે.
- તામિલનાડુમાં દરેક જગ્યાએ ધોતીના પહેરવેશને માન્ય રાખવાનો વટહુકમ બહાર પડશે. ધોતીનો વિરોધ કરનાર કલબનું લાયસન્સ રદ થશે - જયલલિતા
- દક્ષિણ ગુજરાતમાં જમીન દલાલોની હત્યાનો સીલસીલો યથાવત.
- તેલંગાણાના એક ખેડૂતે અંતિમ શબ્દો કહ્યા ... કદી ખેડૂત નહીં બનજો.

## કાબુલ વિમાનીમથકે આત્મઘાતી હુમલો : પાંચ આતંકવાદીઓ ઠાર

કાબુલ,તા. ૧૭

અફઘાનિસ્તાનના પાટનગર કાબુલમાં તાલિબાની ત્રાસવાદીએ આજે સવારે ફરીએકવાર ભીષણ હુમલો કર્યો હતો. આંતરરાષ્ટ્રીય વિમાની મથકે કરવામાં આવેલા આ હુમલામાં તાલિબાની ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. હુમલાને અંજામ આપનાર પાંચેય ત્રાસવાદીઓને ઠાર કરી દેવાયા હતા. ગૃહમંત્રાલયના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે, સુરક્ષા જવાનોએ આ ઓપરેશન સફળ રીતે પાર પાડ્યું હતું. ત્રાસવાદીઓ પૈકીના એકે વિસ્ફોટક લાદેલી ગાડીને વિમાની મથકની દિવાલ સાથે ટકરાવી દીધી હતી. બીજા ત્રાસવાદીઓ અંદર ઘુસી શકે તે માટે આ આત્મઘાતી હુમલો કરાયો હતો. સાક્ષીઓના કહેવા મુજબ, બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરાઈ હતી. હુમલાખોરોએ વિસ્ફોટક સામગ્રી પેપરોમાં લપેટેલી રાખી હતી અને વિમાની મથકે પહોંચતા જ બ્લાસ્ટ કર્યા હતા. બ્લાસ્ટ બાદ તરત જ નિર્માણાધીન ઈમારતમાંથી વધુ આતંકવાદીઓ દોડી આવ્યા હતા અને હુમલાઓ શરૂ કરી દીધા હતા. છેલ્લા થોડાક સપ્તાહના ગાળામાં જ કાબુલ વિમાની મથકે લશ્કરી વિભાગ ઉપર ત્રીજો હુમલો કરાયો છે. આજનો હુમલો સૌથી ભીષણ રહ્યો હતો. હુમલા બાદ તાલિબાને નિવેદન જારી કરીને હુમલાની જવાબદારી સ્વીકારી હતી. આ હુમલા બાદ લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. તાલિબાની ત્રાસવાદીઓએ વહેલી સવારે ૫-૩૦ વાગે આ હુમલો કર્યો હતો.

## બેંગલોર : સ્કુલમાં ૬ વર્ષની બાળકી ઉપર ગેંગરેપથી ચકચાર

બેંગલોર,તા. ૧૭

એક કમકમાટીભર્યા બનાવમાં પૂર્વીય બેંગલોરમાં અપમાર્કેટ સ્કુલમાં ગેંગરેપના બનાવથી ભારે ખડભડાટ મચી ગયો છે. ૬ વર્ષીય બાળકી ઉપર સામુહિક બળાત્કારનો બનાવ બનતાં ભારે તોડફોડ અને નારાજગીનું મોજું ફરી વળ્યું છે. આ સંદર્ભમાં પોલીસે સ્ટાફના કેટલાક લોકોની પૂછપરછ પણ કરી છે. સ્કુલની બહાર વાલીઓ અને અન્ય લોકોએ હિંસક વિરોધ પ્રદર્શન કરીને આક્ષેપ કર્યો હતો કે, સત્તાવાળાઓ આ મુદ્દાને દબાવી દેવા માટે તેમની સત્તાનો ઉપયોગ કરી રહ્યા છે. કેટલાક માતા-પિતા અને વાલીઓએ કહ્યું છે કે, સમગ્ર મામલાને દબાવી દેવાના પ્રયાસ થઈ રહ્યા છે. બનાવ અંગે માહિતી પણ આપવામાં આવી રહી નથી. આ બનાવ મૂળભૂત રીતે બીજી જુલાઈના દિવસે બન્યો હતો. પરંતુ હવે આ સમગ્ર મામલો સપાટી પર આવ્યો છે. માતા-પિતાનું કહેવું છે કે, જ્યારે બાળકીએ બિમાર હોવાની ફરીયાદ કરી ત્યારે તેને હોસ્પિટલમાં લઈ જવાતા સમગ્ર મામલો સપાટી પર આવ્યો છે. તપાસ અધિકારીઓના જણાવ્યા મુજબ, પહેલા ધોરણમાં ભણતી વિદ્યાર્થીની ઉપર સ્કુલના કલાકો દરમિયાન જ સ્ટાફના બે સભ્યો દ્વારા બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો.

આ સંદર્ભમાં જીમના ઈન્સટ્રક્ટર અને સુરક્ષા ગાર્ડની અટકાયત કરવામાં આવી છે. જ્યારે બાળકીની સારવાર ચાલી રહી છે. સ્કુલના આચાર્યએ કહ્યું છે કે, આ કમનસીબ બનાવ છે અને દોષીતોને સજા કરવામાં આવશે. સ્કુલની બહાર વિરોધ પ્રદર્શન મામલે પ્રિન્સીપાલે કહ્યું હતું કે, નારાજગી અને રોષ વ્યક્ત કરવાની આ રીત યોગ્ય નથી. અમે ઈ-મેઈલ આઈડી ઉપલબ્ધ કરાવી રહ્યા છીએ. સ્કુલ સત્તાવાળાઓએ કહ્યું છે કે, કેસમાં સામેલ હોવાની જેના પર શંકા છે તે બેની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી છે. દેશમાં મહિલાઓ સામે બનાવો સતત વધી રહ્યા છે ત્યારે આના લીધે ભારે નારાજગી દેખાઈ રહી છે. સ્કુલ કેમ્પસમાં તાજેતરના સમયમાં રેપ કેસના બનાવોમાં વધારો થયો છે.

## મોદીની મિટિંગ છતાં ચીની સૈનિકોની ઘુસણખોરી જારી

લેહ,તા. ૧૭

ચીનના સૈનિકો દ્વારા જમ્મુ કાશ્મીરના લડાખ સેક્ટરના દેમચોક અને ચુમાર વિસ્તારમાં ઘુસણખોરીનો ફરી પ્રયાસ કરવામાં આવ્યો છે. એકબાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીની પ્રમુખ શી જિનપિંગ સાથે વાતચીત કરી રહ્યા છે ત્યારે આ બનાવ બન્યો છે. ચીનો દુસાહસના બનાવ જારી રાખ્યા છે. સરહદ પર ભારતને હવે કઠોર વલણ અપનાવવાની જરૂર છે. ચીનની સેના ચાઇનીઝ પીપલ્સ લિબરેશનના જવાનોએ ઘુસણખોરીના પ્રયાસ એવા સમયમાં કર્યા છે જ્યારે મોદીએ બ્રિક્સ શિખર બેઠકના ભાગરૂપે ચીનના પ્રમુખ સાથે વાતચીત કરી છે. મોદીએ મંગળવારે જ બ્રાઝિલમાં ફોર્ટેલેજા ખાતે બેઠક દરમિયાન સરહદી વિવાદને ઉકેલવાની વાત કરી હતી. અધિકારી સુત્રોએ કહ્યું છે કે તાજી ઘટના મંગળવારે ઘટી હતી. દેમચોક સેક્ટરના ચાર્ડિંગ નીલુ નાલા જક્શન પર ઘુસણખોરીનો પ્રયાસ કરાયો હતો. પીએલએના જવાનોએ આ ક્ષેત્ર પર ચીનનો દાવો હોવાની વાત કરીને ઘુસણખોરી કરી હતી.પીએલએના જવાનો આ ક્ષેત્રમાં ફરવા માંગતા હતા પરંતુ ભારતીય સેના અને આઇટીબીપીના જવાનોએ તેમને રોકી દીધા હતા. સુત્રોએ કહ્યું છે કે બેનર ડ્રિલ પર બન્ને દેશોના સેનિકો દ્વારા એકબીજાને આગળ ન વધવાની ચેતવણી આપ્યા બાદ ૩૦ મિનિટ સુધી ગતિરોધની સ્થિતી રહી હતી. ત્યારબાદ ચીની સેનિકો પરત જતા રહ્યા હતા. નરેન્દ્ર મોદી દેશમાં લોકસભાની ચૂંટણી માટે પ્રચાર દરમિયાન સરહદ પર ઘુસણખોરીને રોકવા માટે કઠોર પગલા લેવાની વાત કરી રહ્યા હતા. હવે મોદી વડાપ્રધાન બન્યા બાદ પણ પાકિસ્તાની અને ચીની સેનિકો દ્વારા સરહદ પર ઘુસણખોરી જારી રહી છે. આને લઇને સામાન્ય લોકોમાં હવે ભારે ચર્ચા છે.

## આઈએસઆઈએસ સામગ્રીને બ્લોક કરવા મહારાષ્ટ્રનો નિર્ણય

મુંબઈ,તા. ૧૭

મહારાષ્ટ્રના ૧૫થી વધુ યુવાનો જેહાદમાં સામેલ થવા ઈરાક જઈ ચુક્યા છે તેવા અહેવાલ વચ્ચે મહારાષ્ટ્ર સરકારે હવે કટ્ટરપંથીનો ફેલાવો કરવા આઈએસઆઈએસ દ્વારા અપલોડ કરવામાં આવેલી સોશિયલ નેટવર્કીંગ સાઈટો ઉપર વીડિયો અને ઓડિયો સામગ્રીને બ્લોક કરી દેવાનો નિર્ણય કર્યો છે. મહારાષ્ટ્ર સરકાર યુવાનોના લાપતા થવાના મુદ્દે કેન્દ્ર સરકાર સાથે સતત સંપર્કમાં છે. આ યુવાનો ઈરાકમાં આઈએસઆઈએસ જેહાદી પ્રવૃત્તિમાં સામેલ થઈ ચુક્યા છે તેવા અહેવાલ હાલમાં જ આવ્યા હતા. રાજ્ય પોલીસ કેન્દ્રીય સંસ્થાઓ સામે સંવેદનશીલ મુદ્દાઓ ઉપર ઉપલબ્ધ ઈન્ટેલીજન્સ માહિતીની આપ-લે કરી ચુકી છે. પોલીસ અને રાજ્ય ઈન્ટેલીજન્સ સુત્રોએ કહ્યું છે કે, આ યુવાનો શ્રદ્ધાળુઓની ટુકડીના એકભાગરૂપે હતા જે ૨૩મી મેના દિવસે મુંબઈથી બગદાદ માટે રવાના થયા હતા.